# આપણી વાત

**સંપાદક : પ્રફુલ્લ રાવલ**

**એની સરૈયા નવોદિત લેખિકા મંચ :**

આ મહિને તા. ૧૮-૯-૨૦૧૮, મંગળવારે શ્રી ગોવર્ધન સ્મૃતિમંદિરમાં એની સરૈયા લેખિકા મંચની મંથલી મિટિંગ મળી. જેમાં ૧૨ થી ૧૫ બહેનોએ ભાગ લીધો. શ્રી પ્રફુલ્લભાઈ રાવલે ‘લઘુકથાના સ્વરૂપ’ વિશે વાત કરી. કોઈ પણ કથાનું લઘુ સ્વરૂપ એટલે લઘુકથા’ એવી સીધી-સરળ વ્યાખ્યાથી શરૂ કરી, લઘુકથા કેવી હોય તે ઉદાહરણ આપીને સરસ રીતે સમજાવ્યું. ઉત્તમ લઘુકથાઓ પણ કહી જેને લીધે બહેનોને સરળ માર્ગદર્શન મળ્યું. લેખિકા બહેનોએ કાવ્ય, ટૂંકી વાર્તા તેમજ લઘુકથાનું પઠન કર્યું જેના ઉપર સમૂહમાં ચર્ચા થઈ. જેને લીધે સહુને સુંદર માર્ગદર્શન મળ્યું. શ્રી પારુલ કંદર્પ દેસાઈએ બેઠકનું સુંદર સંચાલન કર્યું.

- નયના મહેતા

**શ્રી ચંદ્રકાન્ત શેઠ-પ્રેરિત (બાળસાહિત્ય) વ્યાખ્યાનમાળા :**

શ્રી ચંદ્રકાન્ત શેઠ-પ્રેરિત (બાળસાહિત્ય) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૮ના દિને ગઝલકાર અને બાળસાહિત્યકાર મીનાક્ષી ચંદારાણાએ પ્રભુપ્રેમી વિદ્યાલય, ડુંગરી, તા. મહુવા, જિ. સુરતના વિદ્યાર્થીઓ સમક્ષ આપણાં સુંદર બાળકાવ્યો રજૂ કર્યાં હતાં. અને બાળકોએ પણ સાથે ગયાં હતાં. અંતરિયાળ વિસ્તારમાં આવેલી આ સ્કૂલના સંચાલકો પણ ઉપસ્થિત હતા. શાળાના શિક્ષક અને બાળનાટ્યલેખક મહેશ ઢીમ્મરના સહોયગથી કાર્યક્રમનું આયોજન થયું હતું. આચાર્યશ્રી કિશોર પરમારે સૌને આવકાર આપ્યો હતો. પરિષદની પ્રવૃત્તિ વિશે પ્રા. સંધ્યા ભટ્ટે માહિતી આપી હતી અને વક્તા મીનાક્ષીબહેનનો પરિચય પણ આપ્યો હતો.

**શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા :**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને જનજાગૃતિ અભિયાન, વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી ઉર્વીશ કોઠારીએ તા. ૨૮-૯-૨૦૧૮ના રોજ સાંજે ૪-૦૦ કલાકે, ગુજરાતી વિભાગ, ફૅકલ્ટી ઑફ બરોડા, વડોદરામાં ‘ગાંધીજીનું પત્રકારત્વ’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. શ્રી ભરત મહેતાએ વક્તાશ્રી ઉર્વીશ કોઠારીનો પરિચય આપ્યો હતો અને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખે યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં આ વખતે સપ્ટે. ૧૮માં મણિલાલ નભુભાઈના

જન્મદિવસ (૨૬-૯-૨૦૧૮) નિમિત્તે તા. ૧૭-૯-૨૦૧૮ થી તા. ૨૨-૯-૨૦૧૮ દરમ્યાન મણિભાઈ નભુભાઈ દ્વિવેદી અને અન્ય પંડિતયુગના સર્જકોનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેને વાચકો તરફ પ્રોત્સાહિત કરતો પ્રતિભાવ મળ્યો હતો.

આ પ્રદર્શનના ઉપક્રમે તા. ૧૯-૯-૨૦૧૮ના બુધવારના રોજ એક વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી શિરીષભાઈ કાશીકરે મણિભાઈ નભુભાઈ દ્વિવેદીના પત્રકારત્વ 'પ્રિયંવદા' અને 'સુદર્શન' વિશે વક્તવ્ય આપ્યું હતું. જ્યારે મણિભાઈ નભુભાઈ દ્વિવેદીના પૌત્ર હરીશભાઈ દ્વિવેદીએ મણિભાઈનાં જીવન અને કાર્ય વિશે વક્તવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશીએ કર્યું હતું. તેમણે બંને વક્તાઓનો પરિચય આપીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. શ્રી નટવરભાઈ પટેલ અને શ્રી લાલુભાએ પુસ્તકથી વક્તાઓનું સ્વાગત કર્યું હતું. અંતમાં શ્રી પરીક્ષિતભાઈએ આભારવિધિ કરીને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## વડોદરા અનુબંધ (પત્ર-સરિતા)

ગુજારીત સાહિત્ય પરિષદના વડોદરા અનુબંધ અને બળવંત પારેખ સેન્ટર ફૉર જનરલ સિમેન્ટિક્સ ઍન્ડ અધર હ્યુમન સાયન્સિઝ, વડોદરાના ઉપક્રમે 'પત્ર-સરિતા' (પત્રો લખ્યા હતા એમને, વધાવીએ આપણે) કાર્યક્રમ તા. ૨-૬-૨૦૧૮ના રોજ સાંજે ૬-૦૦ વાગ્ય બળવંત પારેખ સેન્ટરમાં યોજાયો હતો. જેમની અંતર્ગત માનવસંબંધોની નાજુકાઈ, કરુણતા, કટોકટી, ભાવોત્કટતા, વેદના અને વૈભવને વ્યક્ત કરતા કેટલાક કાલ્પનિક, કેટલાક ઐતિહાસિક, કેટલાક સાવ અંગત પત્રોની લયાન્વિત અને ભાવાન્વિત પ્રસ્તુતિ વડોદરાની યુવા-પ્રતિભાઓ દ્વારા કરવામાં આવી હતી. પરિષદપ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના માર્ગદર્શન નીચે કાર્યક્રમની પરિકલ્પના અને સંકલન નીતા જોશી અને બ્રિજેશ પંચાલે કર્યું હતું. અતિથિવિશેષ તરીકે શ્રી શિરીષ પંચાલ અને શ્રી પી. એસ. ચારી ઉપસ્થિત રહ્યા હતા. પત્રોની સંગીતબદ્ધ વાચિકમ પ્રસ્તુતિ સર્વશ્રી ડૉ. પૌલિન શાહ, અલ્પા જોશી, જય મકવાણા, સંકેત ડોંગરે, આદર્શ ચૌહાણ, કૌશલ રોહિત, નીતા જોશી, બ્રિજેશ પંચાલ, બિન્દ્રા ભોજકે કરી હતી. જેમાં રવીન્દ્રનાથનો પત્ર અમીય ચક્રવર્તીને, ભગતસિંહનો પત્ર પિતા સરદાર કિશનસિંહને, કસ્તુરબાનો પત્ર પુત્ર હરિલાલને, હરિલાલનો પત્ર પત્ની ગુલાબબહેનને, ચાર્લી ચેપ્લિનનો પત્ર દીકરી જેરાલ્ડિનને, શિરીષ પંચાલનો પત્ર ઋત્વિજા-શરીફાને, વિનોદ ભટ્ટનો 'એક શિક્ષકને પ્રેમપત્ર' તેમ જ આંધળીમાનો કાગળ દેખતા દીકરાને જેની સંગીતબદ્ધ પ્રસ્તુતિ કરી હતી.

સમગ્ર કાર્યક્રમને વડોદરાના સુજ્ઞ રસિકજનોએ ઉત્સાહથી આવકાર્યો. આ પ્રસંગે પરિષદપ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ કહ્યું હતું કે 'સાહિત્ય બધાનું છે અને દરેકે એને જાળવવાનું છે અને યુવા પ્રતિભાઓએ એને વિકસાવવાનું છે.' વળી, શ્રી શિરીષ પંચાલે કહ્યું હતું કે 'આ એક અનોખો અને વિલક્ષણ કાર્યક્રમ રહ્યો છે.' શ્રી પી. એસ. ચારીએ

પત્રોની નાટ્યાત્મકતા તેમજ તેમના દિગ્દર્શનમાં થયેલ 'ડાકઘર'ના મંચનની વાત કરી અને શ્રી પીયૂષ ઠક્કરે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમની નોંધ ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, અને ગુજરાત મિત્રએ પણ લીધી છે. આ કાર્યક્રમમાં સાહિત્ય-રસિકજનો તરફથી સુંદર પ્રતિસાદ મળ્યો હતો.

## મુંબઈ અનુબંધ

ગુજરાતી સાહિત્ય પરિષદ - મુંબઈ અનુબંધના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ગુજરાતી ભાષાદિવસ નિમિત્તે ત્રણદિવસીય ભાષાપર્વ ધ કાંદિવલી એજ્યુકેશન સોસાયટી અને સંવિત્તિના સહ આયોજનમાં તા. ૨૩, ૨૪ અને ૨૫મી ઑગસ્ટના રોજ હાલાઈ લોહાણા મહાજનવાડી, કાંદિવલી, મુંબઈમાં આયોજિત કરાયો હતો. મુંબઈનગરીમાં ગુજરાતી ભાષા માટેનું ગૌરવ લોકહૃદયમાં સ્થપાય અને પ્રજા, વિદ્યાર્થીઓ ભાષામય બને તે માટે વિશેષ ઉપક્રમ આયોજિત કરાયો હતો.

કાંદિવલીના ત્રણ માળના વિશાળ હૉલમાં આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં એક સંપૂર્ણ ફ્લોર પર વિવિધ પ્રકાશનોનાં પુસ્તકો વેચાણ માટે મુકાયાં હતાં, જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રકાશનો વેચાણ અર્થે મૂક્યાં હતા. ત્રણ દિવસ દરમ્યાન અહીંનાં આયોજન ને વેચાણની જવાબદારી મણિબેન નાણાવટી વિમેન્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ સંભાળી હતી. બીજે માળે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. પ્રથમ દિવસે સ્વીકારવા જેવા કેટલાક સરકારી નિયમો વિશે જણાવ્યું હતર્થ. એકોક્તિ સ્પર્ધાઓ, કવિતાનો રસાસ્વાદ જેવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓ માટે આયોજિત કરાઈ હતી. સર્જક-ભાવક સંવાદમાં પ્રબોધ પરીખ, સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ માધવ રામાનુજ અને સંજય છેલને ૨૪મી તારીખે ને પ્રવીણ સોલંકી, સુરેન ઠાકર, ઉદય ઠક્કરને ૨૫મી તારીખે આમંત્રિત કરાયા હતા. જેમાં સર્જકોએ પોતાની સર્જનપ્રક્રિયા અંગે મોકળા મને વાત કરી અને ભાવકોની અનેકાનેક કુતૂહલતાને સંતોષવાનો પ્રયત્ન કર્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે મહેશ ચંપકલાલનું વ્યાખ્યાન – 'ગ્રીક ટ્રૅજેડી અને ગુજરાતી કરુણાતિકા' ઉત્કૃષ્ટ રહ્યું. તેમણે બે કલાક દરમ્યાન ગ્રીક અને ભારતીય ટ્રૅજેડીનાં અનેકાનેક પાસાંઓને ઉઘાડી આપ્યાં. બીજા માળના વિશેષ સભાગૃહમાં અલભ્ય પુસ્તકો અને સામયિકનું પ્રદર્શન સહુ માટે મોટું આકર્ષણ બન્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદમાંથી ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોષી કેટલાંક પુસ્તકો અહીં લાવ્યાં હતાં જે પ્રથમ જ વાર અમદાવાદથી બહાર લવાયાં હતાં. અને સાથે મુંબઈ ખાતેની ફાર્બસ લાઈબ્રેરીમાંથી અલભ્ય સામયિકો અને જૈન હસ્તપ્રતોની વિશેષ રંગીન પ્રત મુલુંડથી જૈન મહારાજશ્રીએ મોકલાવી હતી જે પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી. આ લભ્ય પુસ્તકોની વિશેષ નોંધ મુંબઈના ગુજરાતી છાપાના પ્રતિભાશાળી રિપોર્ટર રુચિતા શાહે લીધી હતી.

૨૪મી ઑગસ્ટે ગ્રંથયાત્રામાં જોડાયેલા શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓની સંખ્યા

જોઈ સ્તબ્ધ થઈ જવાયું. ચારે તરફથી શાળાઓના વિદ્યાર્થીઓ એમાં જોડાવા માટે અધીરા બન્યા હતા. આ પુસ્તકની પાલખીએ હેમચંદ્રાચાર્યના ગ્રંથની યાદ દેવડાવી દીધી જ્યારે રાજા સિદ્ધરાજ જયસિંહ પોતે હાથીની બાજુમાં ચાલતા હતા. અને ગ્રંથ પાલખી પર. આ પાલખીને ૨૪મી ઑગસ્ટે પોતાના ખભા પર ઉપાડી આરંભ કર્યો હતો દિનકર જોષી અને પ્રબોધ પરીખે. ત્યારબાદ સહુ સભ્યોએ આ યાત્રાને આગળ વધારી હતી. ૨૫મી તારીખે અમૃત બારોટલિખિત સંગીતમય પ્રસ્તુતિ 'મીરાં મને માફ કર' જ્યારે ભજવાયું ત્યારે બંને માળ પ્રેક્ષકોથી ભરચક હતા. દરેક માળ પર સ્ક્રીન રાખવામાં આવી હતી જેથી એક હૉલ ભરાઈ જાય ત્યારે અન્ય હૉલમાં જોઈ શકાય. ત્રણેય દિવસ દસ્તાવેજી ચલચિત્રોનું પ્રસારણ પણ સતત કરાયું હતું. જેનો લાભ અનેક વિદ્યાર્થીઓએ લીધો હતો.

સમાપન તથા ઈનામ-વિતરણ માટે અમદાવાદથી ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલ પધાર્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સમકાલીન પરિસ્થિતિની વાત આવરી લેતાં કેટલાંક સૂચક નિરીક્ષણ રજૂ કર્યાં હતાં. પોતાનો આનંદ વ્યક્ત કરી મુંબઈ અનુંબંધના આ કાર્યની તેમણે સરાહના કરી હતી.

ખૂબ જ વિસ્તૃત પરિપ્રેક્ષ્યથી આયોજિત આ કાર્યક્રમ વિદ્યાર્થીથી લઈ જનસમૂહ સુધી પહોંચ્યો હતો. જેમાં સાહિત્ય અને ભાષા ઉપદેશ રૂપે નહીં પરંતુ ગુણવત્તાથી એ રીતે વણાઈ ગયાં કે ભાવક સહજ રૂપે જ ભાષાપ્રેમી અને ભાષા અંગે ગૌરવ અનુભવે.

ગુજરાતી સાહિત્ય પરિષદપ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રની ઇચ્છા હતી કે સાહિત્ય પરિષદ પોતાની ભૌગોલિક સીમાઓને વળોટી એક જુદી જ ફાળ ભરે જેમાં સહુ કોઈ જોડાય. આ ત્રણદિવસીય કાર્યક્રમે તેમના વિઝનને સંતોષવા એક પ્રયોગ કર્યો અને સફળ થયા. મુંબઈ અનુબંધ તરફથી પરિષદના કારોબારી સભ્ય સેજલ શાહે મિટિંગમાં આગોતરી પરવાનગી લઈ, આ કાર્યના પરિષદ તરફથી સંયોજક બની, કાર્ય પાર પાડ્યું. જે માટે મહામંત્રી પ્રફુલ્લ રાવલ અને પરીક્ષિત જોષીનો આગવો સહકાર મળ્યો. ભાઈશ્રી ગંગારામ વાઘેલાએ ત્રણ દિવસ ઉપસ્થિત રહી પુસ્તકોની પૂરતી કાળજી લીધી. આ કાર્યક્રમમાં લલિતભાઈ શાહની સંસ્થા શબ્દોત્સવ, મહાગુજરાતી સંઘ અને કાંદિવલી હાલાઈ લોહાણા મિત્રમંડળ ટ્રસ્ટ વગેરે સહયોગી સંસ્થા હતી. મુંબઈ ગુજરાતી સંગઠને સ્કૂલના વિદ્યાર્થીઓને એકત્ર કરવાનું પાયાનું કાર્ય કર્યું. સંવિત્તિ તરફથી કીર્તિ શાહ, અમૃત બારોટ, હાર્દિકભાઈ, જયેશભાઈ ચિતલિયા, મયૂરભાઈ અને મુકેશ વૈદ્યે આ કાર્યક્રમને સંપૂર્ણ સફળ બનાવવા અથાગ પ્રયત્ન કરી સાકાર કર્યો હતો જેમને દિનકર જોષીનું પીઠબળ પ્રાપ્ત થયું હતું.

## શોકાંજલિ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તાજેતરમાં વિદેહ થયેલા આપણા સર્જકો શ્રી અમૃતલાલ વેગડ, શ્રી હરનીશ જાની, શ્રી રજની વ્યાસ અને શ્રી ભગવતીકુમાર શર્માને શોકાંજલિ આપવા તા. ૧૮-૯-૨૦૧૮ને મંગળવારે સાંજે ૫-૦૦ કલાકે, શ્રી માધવ રામાનુજની અધ્યક્ષતામાં ગોવર્ધનભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સભાનું સંચાલન શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું. આ સભામાં શ્રી રઘુવીર ચૌધરી, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી પ્રફુલ્લ રાવલ અને અધ્યક્ષ શ્રી માધવ રામાનુજે શોકાંજલિ આપી હતી. શોકઠરાવનું વાચન શ્રી યોગેશ જોષી, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી પ્રફુલ્લ રાવલ અને શ્રી પરીક્ષિત જોશીએ કર્યું હતું.

❑

## વ્યાખ્યાનમાળા માટે મળેલ દાન

| | | |
|---|---|---|
| **સ્વાતંત્ર્યસેનાની શ્રી રસિકભાઈ આઝાદ વ્યાખ્યાન** | | |
| હ. શ્રી મનહર ટી. શાહ | વડોદરા | ૧,૦૦,૦૦૦ |
| **સાહિત્યકોશના કાર્ય માટે મળેલ દાન** | | |
| કીર્તિદાબહેન શાહ | અમદાવાદ | ૫૦,૦૦૦ |
| **વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ દાન** | | |
| જે. એમ. એસ. બિલ્ડકોન એલ. એલ. પી. | અમદાવાદ | ૨,૦૦,૦૦૦ |
| રામોજી ગ્રેનાઈટ પ્રા. લિ. | સરતાનપર | ૫૦,૦૦૦ |
| બેબોના પેપર મિલ પ્રા. લિ. | માટેલ | ૫૦,૦૦૦ |
| મારુતિનંદન એસોસિયેટ | મોરબી | ૧,૦૦,૦૦૦ |
| ટ્રિનિટી એન્જિ. ટેક. | રાજકોટ | ૫૦,૦૦૦ |
| એક્રોડ પ્લસ સિરામિક્સ પ્રા. લિ. | ઊંચી માંડલ | ૧,૦૦,૦૦૦ |
| અુસુખ ડેવલપર્સ | મોરબી | ૨૦,૦૦૦ |
| રાજારામ કન્સ્ટ્રક્શન | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ |
| વિજયભાઈ જી. વીરાણી | વડોદરા | ૧,૫૦,૦૦૦ |
| ગુજરાત કન્સ્ટ્રક્શન કંપની | મહેસાણા | ૧,૫૦,૦૦૦ |

### સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઈલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઈલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com